શ્રી.

# રાજનગર રત્નવિરહ.

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર.

શ્રી જૈનધર્મવર્ધક સભા તરફથી

## ઝવેરી. ભોગીલાલ ધોળશાજી

અમદાવાદ.

અમદાવાદમાં

ધી રત્નસાગર પ્રિન્ટીંગ પ્રેસમાં શા. અમરતલાલ
જેશીંગભાઇએ છાપ્યું.

સંવત ૧૯૬૮ પ્રત ૨૦૦૦ સને ૧૯૧૨

કિંમત અમૂલ્ય.

# અર્પણપત્રિકા.

શ્રીયુત સરદાર બહાદુર,

## મર્હુમ શેઠ લાલભાઇ દલપતભાઇ.

કાયારૂપી પીંજરાનો ત્યાગ કરી સ્વર્ગીય માનસરોવર પર ક્રીડા કરવાને ઉત્સુક થએલા, હે હંસરાજ! આપ કદાચ મુજ ગરીબને વીસરી ગયા હશો, પરંતુ આ કાયાએ તો મારા હ્રદયપટ પરથી આપનું અમર નામ કદાપિ ભૂંસાય તેમ નથી, જેની સ્મૃતિને માટે આ નાનકડુ પણ આપના વિયોગથી સદ્દગુણી જનોને વિલાપ કરાવતું એક અપૂર્વ પુસ્તક આપના અમર નામ સાથે જોડી કૃત્ય કૃત્ય થાઉં છું.

લી.

આપનો દર્શનાભિલાષી દાસ.

ઝવેરી ભોગીલાલ ધોળશાજી.

# પ્રસ્તાવના.

પ્રિય વાંચક! આ નાનકડું પણ કરૂણા રસીક પુસ્તક આપણી જૈનકોમના જવાહીરનું અચાનક મૃત્યુ થવાથી ઉત્પન્ન થએલા ખેદને, બરોબર ઉભરાવી શાન્ત પાડવા માટે છે. જો કે આ અસાર સંસારમાં જન્મ, જરા અને મૃત્યુ અનાદિ કાળથી નિર્માણ થએલ છે, તથાપિ કોઇ પરમ પ્રતાપિ પુરૂષના મરણથી ઘણાજ જીવોને બેહદ ઉદાસીનતા પ્રાપ્ત થયા વિના રહેતી નથી. આ પુન્યશાળી પુરૂષના સંબંધમાં પણ તેમજ બનવા પામ્યું છે. તે મરહુમે માતૃ ભક્તિ, તીર્થસેવા વિગેરે પરોપકારના કાર્યો ઘણીજ સારી રીતે બજાવ્યાં છે. આ ઉપરાંત તે નરરત્ન પરમ શિલવંત હોવાથી તેના પ્રચંડ તેજમાં ભલભલા પુરૂષો અંજાઇ જતા હતા. આજ તે તેજસ્વી કોહીનુર આ દુનીઆફાની ઉપરથી તેના દર્શનાભિલાષી દેવોની સભા સમક્ષ ચાલ્યું ગયું! સદ્‌ગુણિ જનોને શોક સાગરમાં ડુબાવતું ગયું! જ્યારે નામરદા, હીચકારા, બાયલા અને અદેખાઓને મનમાન્યું થયું. ભાવિ ભાવ! કોઇ પણ અમર નથી. સદ્‌માર્ગે ચાલશે તે સુખી થશે અને નિસ્વાર્થ પરોપકાર કરશે તેજ આ સંસાર સાગરનો પાર પામશે. તથાસ્તુ.

લી. કર્તા.

શ્રી ૧૧

# રાજનગર રત્નવિરહ.

(૧)

શાલર્દુવિક્રિડિત છંદ.

હા ! હા ! ક્રુર કરાલ કાળ તુજને, આ શું સુઝયું આખરે,
દીધો દેવ દગો દયા હિન થઇ, રાંકાનું રાજ હરે;
ચક્રિ નરપતિ હરહરિ સચિપતિ, સૌ કોઇ અંતે મરે,
અણધાર્યું આ દુઃખ થાય દિલમાં, કદિએ નહિ વીસરે.

(૨)

કર્મતણી કથની રે કોને જઈ કહું.—એ રાગ.

આજતણો દિન કયાં દાટી મુકયો હતો,
વ્હાણું વાતાં વાટ થઈ વિકાળ જો;
નિર્દય જમના જાસુસ જયાં ત્યાં ઝુઝતાં,
રાજનગરનું રત્ન હર્યું તત્કાળ જો. આજ૦ ૧
જૈનકોમનું જવાહીર કયાં જઇને રહ્યું,
રડતાં મુકી સ્વજન કુટુંબ પરિવાર જો;
પશુ પક્ષી પણ રોતાં શોકાતુર બની,
પથ્થર ફાટે સાંભળી તે પોકાર જો. આજ૦ ૨
તરૂવર સરવર સરવે સુકાઇ ગયાં,

સદ્ગુણિ શેઠતણો સુણી સ્વર્ગ નિવાસજો.
સ્થળ સ્થળ સજજન ચોધારે નીર઼ ઢાળતાં,
નામ સ્મરણ કરી થાતાં બહુ ઉદાસજો. આજ૦ ૩
ધનવંતરી વૈદ આવીને ઉભો રહે,
ભલે કરે તે અણગણત્રી ઉપાય જો;
પણ જયાં આગળ જોર જરા ચાલે નહિ,
તો કલ્પાંત કર્યાથી શું ફળ થાય જો. આજ૦ ૪
મનવાળી એમ અંતર શોક સમાવતાં,
મળયો માનવીનો મેળો વિખરાય જો;
સ્વજન વર્ગ સહુ થાકીને છાના રહ્યા,
રસીક નામ દેતાં બહુ બહુ દુઃખ થાયજો. આજ૦ ૫

(૩)

લલિતછંદ

ગજબ એ વિધિ, આ તે શો કર્યો,
મનુષ્ય લોકના, હારને હર્યો;
અરર ક્રુર કાળ, લાવને દયા,
શેઠજી જતાં, બહુ દુઃખી થયાં. ૧
રત્ન બહુ પડ્યાં, વસુંધરા મહી,
"લાલ" છોડીને, કયમ લીધાં નહિ;
એક તે દઈ, બીજા અનેક લે,
દિવસ એ વિના, કેમે ના ટળે. ૨
શહેર આ બધું, સ્મશાન ભાસતું,
દેખાવ જોઈ દિલ, બહુ દુઃખી થતું;
ઉદાસ પક્ષીને, પશુ બધા દિસે,

આ હૃદય ફાટતુ, કે'તાં એ વિષે. ૩
શત મરે ભલે, તથાપિ ના મરે,
આધાર સોતણો, ઘણા યુગાંતરે;
શું ઘણું કહું, હા હદ હવે થઈ,
કૃતાર્થ થાને તું, જન રસીક દઈ. ૪

(૪)

માલિની છંદ.

ધડ ધડ ધડ ધડકે, હાય હૈયું અમારૂં,
ફડ ફડ ફડ ફડકે, દિલ આ દુખીઆરૂં;
થર થર થર કંપે, કાય આ શોકમાંહી,
અરરરર નવ સુઝે, "લાલ" આ લોકમાંહી.

(૫)

## લાલભાઇ દલપતભાઈ અસ્ત.

રાગ સીંહાનો કાન્હરો. અંતર લાપિકા.

લાખ ઉપાયે કદીય ન ટળતા,
લખીઆ વિધિના લેખરે;
ભાગ્યમાંહી જે હોય થવાનું,
ઇષ્ટ અનિષ્ટ અનેક રે શાણા. લાખ૦ ૧
દવમાં બળતી દ્વારિકા છોડી,
લથડ્યા ગિરિધર આપ રે;
પરમ પવિત્ર સીતા વન ભટકી,
તજી સુખ કર્મ પ્રતાપ રે શાણા. લાખ૦ ૨
ભાવિભાવ પ્રબળ થઇ પોતે,
દુઃખીઆ વિણ ભટકાવે રે;

અકુળ કળાએ કર્મ રાજની,
સ્તબ્ધ આ જગને બનાવે રે શાણા. લાખ૦ ૩

## બાંધવાદિકનો વિલાપ.

(૬)

સોરઠો.

વ્હાલા મારા વીર, વેગે ક્યાં ચાલ્યા ગયા,
બાંધવ કેરી બાંય, જલદીથી આવી મળો.

(૭)

મારા હૈયા કેરો હાર નજર ક્યાં આવશે રે.—એ રાગ.

બંધુ પ્રાણતણા આધાર આપ ક્યાં જઈ રહ્યા રે,
આપવિણ કુટુંબ અને પરિવાર નિરાશ્રિત સહુ થયારે. બંધુ૦
વિરહાનળથી ભગિની ભ્રાતા. પુત્રાદિક બહુ બહુ કચવાતા;
માતા સહ દુઃખ સાગરમાં ડુબી ગયા રે. બંધુ૦ ૧
મરણતણા સંકટની વેળા, તનુજ ત્રિયા દૂર દેશ ગએલા;
ન ફરે નિશ્ચય લેખ વિધિએ જે લહ્યા રે. બંધુ૦ ૨
નોકર ચાકર સર્વ ઉદાસી, પૂર પ્રજા તુમ દર્શન પ્યાસી;
હંસ ગયા પછી રોતાં સહુ હાજર ભયારે. બંધુ૦ ૩
અણચિંત્યુ આ કાર્ય થવાથી, સદ્‌ગુણી જનની મતિ મુઝાતી;
જેનું અહીં છે કામ તેહ સૂરનર ચહ્યા રે. બંધુ૦ ૪
આત્મ આપણા શાન્તિ પામો, વિઘન વિકટ સહુ દૂર વિરામો;
તુમને રસીક પ્રણામ ઘણા જૈને કહ્યા રે. બંધુ૦ ૫

(૮)

## મરહુમે કરેલા પ્રશંસનીય કાર્યો.

### શિખરણી છંદ.

મળે હીરો આવો, નહિ નહિ સૂર લોકે હા કદા,
હર્યો માનવીઓનો, દિનમણિ સહુ સૂરે હા તદા;
કરૂં શું રસનાએ, અતિશય ગુણગણની જય કથા,
બ્રહસ્પતિ નવ પહોંચે, દશ શત જીવ્હાએ કે, તથા.

(૯)

અરણિક મુનિવર ચાલ્યા ગોચરી.—એ રાગ.

એહવો ઉત્તમ નર હવે કયાં મળે,
ગુણિજનને બહુ પ્યારો જી;
જૈન શ્વેતાંબર પેઢી પ્રમુખ પદ,
યશ પામ્યા બહુ સારોજી. એહવો૦ ૧
તીર્થતણી રક્ષા ખંતે કરી,
જનની કુખ દીપાવીજી;
તાત કૂળનું તેજ વધારીઉં,
ધર્મ ટેક મન લાવીજી. એહવો૦ ૨
કોન્ફરન્સના સેક્રેટરી વડા,
રાજ્યમાંહી સરદારજી;
અન્ય સ્થળોએ માનજ મેળવી,
કીધો યશ વિસ્તારજી. એહવો૦ ૩
કન્યાશાળા રે માત નામથી,
રાજનગરમાંહી સ્થાપી જે;

નાતને નામે રે ધર્મશાળા કરી,
સહાય ઘણાને આપી રે. એહવે૦ ૪
ગરીબ તવંગર સહુ સરખા અણે,
ગર્વ ધરે નહીં લેષ રે;
સરળ સ્વભાવે રે જન પ્રિય થઇ પણ્યા,
ધરતાં સાદો વેષ રે. એહવે૦ ૫
ગુણ ગણ સ્મરતા રે દિલ દુખે ઘણું,
ક્યાં કરીએ પોકારજી,
અનુપમ દિનકર અસ્ત થતાં કરી,
પ્રસર્યો છે અંધકાર જી. એહવે૦ ૬
સ્વર્ગમાંહી સૂરપતિ પદ ચિત્ત ધરી,
પામ્યા શિયળ પ્રભાવે જી:
વિરલા નર કોઈ રત્ન એ સાચવે,
મનવાંછીત ફળ પાવેજી. એહવે૦ ૭

## મરહુમે કરેલી તીર્થ ભક્તિ.

(૧૦)

દોહરો.

તીર્થ ભક્તિ ભાવે કરી, કર્યું અમર નિજ નામ;
એહવો નર કોઈ નહિ મળે, આ વખતે આ ઠામ.

(૧૧)

તે તરીઆ ભાઈ તે તરીયા રે.—એ રાગ.
તારંગાનું તીર્થ સુધાર્યું,
આણ આડપણું કીધુંજી;

સિદ્ધાચળની શોભા વધારી,
જુનાગઢ કર લીધુંજી.
તીર્થભક્ત એ ક્યાં જઈ વસીઆ,
રસીઆ ધર્મને મારેજી. તીર્થભક્ત૦ ૧

સમેતશીખર પર ભૂજા ભાગી,
તોપણ ટેક ન છંડયોજી
મક્ષીપુરને અંતરીક્ષજીના,
લાભાર્થે પણ મંડયોજી. તીર્થ૦ ૨

રાણકપુરનો પંથ ઉઘાડયો,
વેઠી અગવડ ભારેજી;
માતભક્તિમાં પણ નર એવો,
કો ન દીઠો અત્યારેજી. તીર્થ૦ ૩

જનની કુખે જન્મ લઇને,
દેહ સમર્પી તેમજી;
દેશ વિદેશ જતાં પણ પોતે,
એહજ રાખ્યો નેમજી. તીર્થ૦ ૪

માત ચરણમાં શીશ નમાવી,
વિચરતાં સહુ કામેજી;
આવી અનુપમ ભક્તિ માતની,
કરતાં વાંછીત પામેજી. તીર્થ૦ ૫

(૧૨)

## મરહુમે સ્વપ્નમાં માતાજીને કરેલું શાન્ત્વન.

(કવિ કલ્પના.)

આશાઉરી માતા ક્ષમા કરો અપરાધ.—એ રાગ.

માતા શાને કરો કલ્પાંત,
ક્ષણભંગુર આ ફાની દુનિઆ;
ભટકયા વાફ્ફ અનંત. માતા૦ ૧
સ્થિર પદાર્થ નહીં કોઇ જગમાં,
દેખો બહુ દ્રષ્ટાંત. માતા૦ ૨
આજ દીઠું તે કાલ ન મળશે,
જ્ઞાની એમ વદંત. માતા૦ ૩
સગર ચક્રિના સાઠ હજારે,
એક ઘડીમાં મરંત. માતા૦ ૪
સતિ સુલસાના બત્રીસ બાળક,
સાથે પામ્યા અંત. માતા૦ ૫
વાસુદેવ ત્રિખંડનો ભોક્તા,
જળ વિણુ કાય પડંત. માતા૦ ૬
એમ ઘણા દ્રષ્ટાંત શું આપું;
થાઓ જલદી શાન્ત. માતા૦ ૭
જયાં ઉપાય જરા નવ ચાલે,
ખેદ કરે શું ઠરંત. માતા૦ ૮
પુત્ર તુમારા હું સૂર લોકે,
ઉરવશી કેરો કાન્ત. માતા૦ ૯

સ્વપ્નમાંહી તુમ દુઃખ દૂર કરવા,
આવ્યો જાણી વૃત્તાંત. માતા૦ ૧૦
રસીક વાણીથી નમ્ર સ્વભાવે.
માતને એમ કહંત. માતા૦ ૧૧

(૧૩)

## ઉપસંહાર

ગજલ.

વળ્યું નહિ કાંઇ, હા! હા! દેવ,
કર્યું જો કે ઘણું કલ્પાંત;
અરે નહિ એક પણ ઉપાય,
લહ્યો જ્યાં જીંદગીનો અંત. વળ્યું૦ ૧
રડે કુટે અરે ભૂંડા,
હવે શું દેખવાનું છે;
ધરો હૈયે નિરંજન દેવ,
તો સુખ પેખવાનું છે. વળ્યું૦ ૨
ચહો શુભ ચિત્તમાં એનું,
અહો તપ જપ ક્રિયા ભારી.
રસીક હિતેચ્છુને એ વિણ,
અરે બીજી નહિ બારી. વળ્યું૦ ૩

# વિજ્ઞપ્તિ.

પ્રિય ! જૈન બંધુઓ, શ્રીમાન્ નરરત્ન, મરહુમ લાલભાઈ દલપતભાઈએ, સંવત ૧૯૪૭ ની સાલમાં સ્થાપન થએલી શ્રી જૈન ધર્મ વર્દ્ધક સભાને, તેના પ્રમુખસ્થાનને સ્વીકારી, તન મન અને ધનથી જે સહાય આપી છે તેનો બદલો વાળવા અમે કોઇપણ પ્રકારે સમર્થ નથી. જેથી તેઓ શ્રીના અચાનક મૃત્યુથી ઉપજેલા શોકને સમા.. તેમના અમર આત્માની શાન્તિ ઇચ્છીએ છીએ. તથાસ્તુ.

લી.

શ્રી જૈનધર્મ વર્ધક સભા

અમદાવાદ.